# ૧.૧૨ સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓની આરાધના- મંત્ર, જાપ, આરતી વગેરે.

## શ્રી માણિભદ્રવીર

આજે જૈન ધર્મની અત્યંત ભાવભરી ભક્તિ કરવા દ્વારા મનુષ્યભવને સાર્થક કરી, જિનેશ્વર ભગવંતની નિર્મળઆરાધનાના પ્રભાવથી, જૈન શાસનનના અત્યંત અનુરાગથી દેવગતિમાં ઉત્પન્ન થયેલા એવા દેવો શાસનના અધિષ્ઠાયક દેવો તરીકે રક્ષા કરી રહેલ છે, તેમાં હાલ મુખ્ય ચાર દેવોની આરાધના વ્યાપકપણે થાય છે.

(૧) શ્રી માણિભદ્રવીર (૨) શ્રી ઘંટાકર્ણ મહાવીર, (૩) નાકોડા ભૈરવ અને (૪) ક્ષેત્રપાળદેવ,

૧) કોઈ પણ મંગળ કાર્યનો પ્રારંભ થાય ત્યારે તે ક્ષેત્રની રક્ષાની પ્રાર્થના સ્વરૂપ સૌપ્રથમ ક્ષેત્રપાળ દેવની સ્થાપના કરવામાં આવે છે. અને તે ક્ષેત્રમાં થતાં શુભ કાર્યોમાં વિઘ્ન ન થાય અને કાર્ય સરળતાથી પૂર્ણ થાય તેમ વિનંતી કરવા પૂર્વક તેઓશ્રીનું સ્થાપન થાય છે.

૨) શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની પૂજા-અર્ચનાનો અધિકાર પણ શાંતિસ્નાત્ર-અષ્ટોત્તરીમાં અષ્ટગંધથી કાંસાની થાળીમાં મંત્ર - આલેખન દ્વારા નિર્દેશ કરવામાં આવે છે.

૩) શ્રી મણિભદ્રવીર તપાગચ્છના અધિષ્ઠાયક દેવ છે, જે દેવના ક્ષેત્રમાં રહીને સર્વ તપાગચ્છ સાધુ ભગવંતો મોક્ષમાર્ગની આરાધના કરે છે તે સહુને સહાયભૂત થવા દ્વારા શાસનની રક્ષા કરે છે.

૪) શ્રી નાકોડા ભૈરવ રાજસ્થાન-મેવાડમાં ખૂબ જ પ્રસિદ્ધ ઉપાસ્ય દેવ છે. તેઓશ્રી પણ સર્વ શાસનભક્તોને સહાય કરનારા છે.

દેવ-દેવીઓ અને માતાઓની ભક્તિ અર્થાત્ શક્તિપૂજા આ દેશમાં જ નહિ પણ વિશ્વની બધી પ્રજાઓમાં સર્વવ્યાપક છે. જૈનાગમોમાં શાસનનું રક્ષણ કરનાર શ્રી ચક્રેશ્વરીજી, પદ્માવતીજી આદિ છે તો શૈવોમાં ગિરજા, શાક્તોમાં કાલીથી કમલા, કૌલોમાં વજ્રેશ્વરી, ખ્રિસ્તીઓમાં મેરી, વૈદિકોમાં ગાયત્રી અને માંત્રિકોમાં મંત્રેશ્વરીની આરાધના થાય છે. ગ્રીક સાહિત્યમાં અરોરારૂપે, ઋગ્વેદમાં અદિતિ સ્વરૂપે, યજુર્વેદમાં શ્રી (લક્ષ્મી) સ્વરૂપમાં, કેનોપનિષદમાં માયારૂપે શક્તિનું નિરૂપણ છે. ભારતમાં નવરાત્રિમાં દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતીની સાધના થતી જોવામાં આવે છે.

વીતરાગ શાસનમાં અધિષ્ઠાયક દેવ-દેવીઓનું મહત્ત્વ ખૂબ જ નોંધપાત્ર છે. તીર્થંકર દેવોની ઉપસ્થિતિમાં તીર્થ-સ્થાપના વખતે જ ગણધર ભગવંતોની સ્થાપના કરવામાં આવે છે. આથી અધિષ્ઠાયક દેવ-દેવીઓ સ્વયં હાજર થાય છે. ત્યારે ગણધર ભગવંતોને શાસન સોંપવામાં આવે છે અને સહાયક રૂપે, ચિંતામણિ રત્ન સમાન અધિષ્ઠાયક દેવ-દેવીઓ અખંડપણે પ્રભુશાસનની સુંદર સેવા બજાવે છે.

તીર્થંકર ભગવાન જ્યારે વિચરતા હતા ત્યારે ગણધરો, આચાર્યો અને ચૌદ પૂર્વધરો ઘણા જ શક્તિમાન અને સમર્થ હતા. ત્યારે દેવ-દેવીઓની સહાયતા બહુલતયા તેમને લેવી ન પડતી. શ્રી શાસનદેવ-દેવીઓ સ્વયં સેવાભક્તિથી પરમાત્માના સાન્નિધ્યમાં રહેતાં હતાં.

શ્રી જિનશાસનમાં સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓનું સ્થાન અને તેઓની સ્થાપના એ કોઈ સ્વાર્થાંધ લેભાગુતત્ત્વોથી શરૂ કરાયેલી કુપ્રથા નથી પરંતુ અનંતાનંત પરમ તાર દેવાધિદેવથી થયેલી સુપ્રણાલિકા છે.

જૈન દર્શનમાં શ્રી સિદ્ધચક્રજી મહાપૂજન એ પ્રાચીન પૂજન છે, જૈન શાસન માટે સાર છે. પ્રાણ છે. આ સિદ્ધચક્રમાં રહેલાં દેવ-દેવીઓ, અઢાર અધિષ્ઠાયક દેવો, આઠ જયાદિ દેવીઓ, સોળ વિદ્યાદેવીઓ, ચોવીસ યક્ષ, ચોવીશ યક્ષિણીઓ, ચાર દ્વારપાલ, ચાર વીરદેવો, દસ દિક્પાલ દેવો, નવ ગ્રહ અને નવ નિધિનાં સ્થાન આવેલાં છે.

પ્રાચીન સમયમાં જૈન મંત્રસાધકો શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી એમ છ દેવીઓની સાધના કરતા હતા. જૈન તંત્રસાધકો સોળ વિદ્યાદેવીઓ તથા તીર્થંકરોનાં શાસનદેવ-દેવીઓની સાધના કરતા મળ્યા છે. આ સાધનાથી અનેક પ્રકારથી અનેક પ્રકારની સિદ્ધિઓ સાંપડે છે.

દેવ-દેવીઓ મુખ્યત્વે ધર્મશાસનના અને આરાધકોનાં વિઘ્નો – ઉપસર્ગો શાંત કરવાનું અને જનકલ્યાણનું કાર્ય કરે છે. ભક્તોને તેઓ વરદાન આપે છે, ઘેરઘેર જૈનશાસનનો પ્રભાવ વિસ્તારે છે. તામસિકતાનો નાશ કરે છે અને કીર્તિ, સિદ્ધિની સ્થાપના કરે છે. જૈન ધર્મનાં દેવ-દેવીઓ સાત્ત્વિક, સૌમ્ય અને અહિંસક છે.

ઈન્દ્ર માણિભદ્રજીનું શરીર શ્યામ વર્ણની ઝાંયવાળું અને ચાર ભુજાયુક્ત છે. વરાહનું સ્વરૂપ ધરાવતું મુખ જિનેન્દ્ર પરમાત્માની જમણી ભુજા તરફ સદા રહેતું હોય છે. તેમનાં હાથ, પગ, મુખ, નાસિકા, હોઠ અને જીભ માનોન્માનયુક્ત મનોહર છે. અને દર્શનાર્થીઓને અતિ પ્રિય લાગે છે. તેમનો વર્ણ રક્ત છે. મસ્તક પર મહાતેજસ્વી માણેક આદિ દિવ્યરત્નોથી જડિત સુવર્ણમય મુકુટ ધારણ કરેલ છે. અંગ-ઉપાંગ દિવ્ય રત્નોથી જડિત વિવિધ પ્રકારનાં આકર્ષક આભૂષણોથી વિભૂષિત છે. તેમના હાથમાં ત્રિશૂલ, ડમરુ, મુદ્ગર, અંકુશ, નાગપાશ, રત્નમાળા આદિ આયુધો છે. વાહન તરીકે સાત સૂંઢવાળો ઐરાવત ગજરાજ છે. ઐરાવતનું અંગ દિવ્યરત્નજડિત સુવર્ણના અનેક પ્રકારના અલંકારોથી અલંકૃત છે. પરમ તારક શ્રી આદીશ્વર પરમાત્મા સદા સ્મૃતિપટ પર રહે તે માટે જિનાલય આકારની રાયણવૃક્ષની શાખા ધારણ કરી છે. મણિભદ્ર વીર ચોસઠ યોગિની, બાવન વીર અને વીસ હજાર સામાનિક દેવો તેમ જ કાળા, ગોરા અને બટુક ભૈરવ આદિ દેવોના તે સ્વામી છે. નવ હજાર ઐરાવત જેટલું એમનામાં બળ છે.

સ્વયં મણિભદ્રજી ઈન્દ્રમહારાજના કથન મુજબ તેમનાં ત્રણ મુખ્ય સ્થાનો (૧) ઉજ્જયિની નગરીમાં તેઓશ્રીનો જન્મ થયો હોવાથી ક્ષિપ્રા નદીને કિનારે તેમનું મસ્તક પૂજાય છે. (૨) ઉત્તર ગુજરાતમાં વીજાપુર સમીપ આવેલ આગલોડ ગામમાં તેઓનું ધડ પુજાય છે. (૩) સિદ્ધપુરના પાસેના મગરવાડા મુકામે તેઓની પિંડિ પૂજાય છે.

## શ્રી માણિભદ્રવીરનું સ્વરૂપ

શ્રી મણિભદ્રવીરે પૂ. આચાર્ય શ્રી હેમવિમલસૂરિની સમક્ષ પોતાના સ્વરૂપનું વર્ણન આ પ્રમાણે કર્યું છે:-

"હું ઈન્દ્રદેવ થયો છું. મારો શ્યામ વર્ણ છે. અજમુખ (તુદિલ) મનોહર, પ્રિયદર્શન, માનોન્માન સહિત- પગ, નાક,નખ, જીભ અને હોઠ લાલ રંગનાં છે. લાલ અને તેજસ્વી મુગટ મેં ધાર્યો છે. જાત-જાતના અલંકારો મેં પહેર્યા છે. રાયણવૃક્ષની શાખા મંદિરના આકારની મુખ પર ધારણ કરી છે. તે ઉપર સિદ્ધાચલના મંદિરની દેરી છે. અને તેમાં આદીશ્વર ભગવાનનું ચિહ્ન છે, જેથી મારી આંખની સ્થિર દૃષ્ટિ શ્રી આદીશ્વર ભગવાન ઉપર રહે. છ ભુજાઓ છે. ત્રિશુલ, ડમરૂ, મુદ્ગલ, અંકુશ અને નાગ ધારણ કર્યા છે. ઐરાવત હાથી મારું વાહન છે. અને હું ૬૪ જોગણી અને ૫૨ (બાવન) વીરોનો અધિપતિ બન્યો છું. વીસ હજાર મારા સામાનિક દેવતાઓ છે. એ બધી જ રિદ્ધિ સિદ્ધિ પૂજ્ય ગુરુમહારાજની કૃપાથી અહિંસા-સંયમ-તપ-વ્રતના પાલનના અલૌકિક ફલસ્વરૂપે છે. અને ગુરુમહારાજની કૃપાથી અવશ્ય મારો મોક્ષ થશે. ગુરુ મહારાજના ઉપકારનું સ્મરણ કરતો હું માણિભદ્રદેવ મગરવાડા ગામની નજીકમાં તેમની સમક્ષ ઊભો છું"

## શ્રી માણિભદ્રદેવની સ્તુતિ

ધારેલુ સહુ કાર સિદ્ધ કરવા, છો દેવ સાચા તમે,
ને વિઘ્નો વિનાશ કરવા, છો શક્તિશાળી તમે,
સેવે જે ચરણો ખરા હૃદયથી, તેને ઉપાધિ નથી,
એવા શ્રી માણિભદ્રદેવ, તમને વંદુ ઘણા ભાવથી.

(૨)

દેવા સુખ સમસ્ત જગ ને જે છે સદા જાગતા,
સેવાના કરનારા પલકમાં, કષ્ટો બધા કાપતા,
સિદ્ધિ સર્વે મળે અને ભય ટળે, આપે સદા સન્મતિ,
એવા શ્રી માણિભદ્ર દેવ નમતાં, આનંદ થાયે અતિ.

## શ્રી માણિભદ્રનો છંદ

સરસ વચન દ્યો સરસ્વતી, પૂજું ગુરુ કે પાય;
ગુણ માણિક્યના ગાવતાં, સેવકને સુખ થાય. ૧.
માણિભદ્રને પામીયો, સુરતરૂ જેવો સામ;
રોગશોક દૂરે હરે, નમો ચરણ શિર નામ. ૨.
તું પારસ તું પોરસો, કામકુંભ સુખકાર;
સાહેબ વરદાઈ સદા, આતમનો આધાર. ૩.
તુંહિ ચિંતામણિ રતન, ચિત્રાવેલ વિચાર;
માણિક સાહેબ માહરા, દોલતરો દાતાર. ૪.
દેવ ઘણા દુનિયા નમે, સુણતા કરે સન્માન;
માણિભદ્ર મહોટો મરદ, દીપે દેવ વિમાન. ૫.

## શ્રી માણિભદ્રજીના વિવિધ મંત્રો

**૧. મોતીઝરા માટેનો મંત્ર –**

*ૐ ઐં હ્રીઁ શ્રીઁ ક્લીં નવપદ હ્રીઁ શ્રી માણિભદ્રાય નમ:*

*આ મંત્રનો નિરંતર જાપ ૧૦૦૮વાર કરવાથી તથા ૐ શ્રીઁ ક્લીઁ માણિભદ્રાય સ્વાહા*

*આ મંત્રથી ૧૦૮ વખત પંચામૃતનો હોમ કરવાથી તથા શ્રી મણિભદ્રજીનું યંત્ર ગળે બાંધવાથી મોતીઝરો મટી જાય છે.*

૨. **માણિભદ્રજીની સાધનાનો મંત્ર –**

ૐ હ્રીઁ શ્રીં ભગવતે શ્રી માણિભદ્રાય હ્રીઁ શ્રી કણ કણ ક્લીં ફણ ફટ્ ફટ્ સ્વાહા

**વિધિ –** ગુરુવારના દિવસે ભૂમિ પવિત્ર કરી, લાલ વસ્ત્ર, લાલ માલાથી, પૂર્વદિશા તરફ બેસીને (૧૦૦૮) જાપ કરવો. ૧૦૮ વાર પંચામૃત હોમ કરવો. લાલ માળા પ્રવાલથી લેવી અને દરરોજ વિજય મુહૂર્તે ગણવી. માલા ૨૧ – એકવીશ દિવસ સુધી દરરોજ ગણવી. પછી ૨૧ – એકવીશમાં દિવસે પંચામૃત હોમ કરવો. તે હોમ કરતાં મધ્યાહ્ન વખતે શ્વેતરૂપે માણિભદ્ર આવે તે વખતે કહેવું કે "હું માંગુ તે આપો." તે વાચા આપે, જે સિદ્ધ વચનથી બાંધી લઈને પછી મનમાં જે વસ્તુ ધારીએ તે લાવી આપે. સત્યમેવ. હોમ. દૂધ, દહી, ઘી, શ્રીફલ (ટોપરું) તથા મધ– એ પંચામૃતનો હોમ કરવો.

jainuniversity.org

૩. **શુભાશુભ જાણવાનો મંત્ર –**

ૐ ક્લીં ક્લીં ક્લીં માણિભદ્ર ચેટકાય સર્વસિદ્ધિકરાય મમ સ્વપ્ને અમુકં દર્શય દર્શય સ્વાહા

**વિધિ :** આંબાનો એક પાટલો સન્મુખ મુકી, તેના ઉપર ચોખાનો સાથિયો કાઢી, સાથિયા ઉપર શ્રીફલ તથા નૈવૈદ્ય મૂકવું. પૂર્વ દિશા અથવા ઉત્તર દિશા સન્મુખ માણિભદ્રની છબી મૂકી આસન ઉપર બેસીને જાપ – રાત્રિના ૯ વાગ્યા પછી અજવાળિયા (શુક્લપક્ષ) પખવાડિયાના પહેલા ગુરુવારના દિવસથી શરૂકરવો. જેમ બને તેમ વધારેમાં વધારે થાય એટલા જાપ કરવાં, દરરોજ ૧૧–અગિયાર માળા ગણવી. ૭ – સાત દિવસ મગનાં આયંબિલ કરવાં, ધૂપ અને દીવો અખંડ ચાલુ રાખવા, લાલ કરેણનું ફૂલ ચઢાવવું. આયંબિલની રસોઈ પુરુષના હાથની બનાવેલી હોવી જોઈએ, એ બાબતનું ખાસ લક્ષ રાખવું.

પ્રથમ સવા લાખ– ૧૨૫૦૦૦ જાપ કરવા, બધાયે જાપ બનતાં સુધી રાત્રિના કરવા અને ન બની શકે તો દિવસે પણ જાપ ચાલુ રાખવા. ચોથા દિવસે મણિભદ્રજી મનુષ્યરૂપે આવી પ્રત્યક્ષ દર્શન આપે, જે જોઈએ તે માગ એમ કહે. કામ પડે ત્યારે રાત્રે એક માલા ગણી સૂઈ રહેવું. માળા ગણીને સૂતા પછી બોલવું નહિ. સ્ત્રીનો સંગ તજી દેવો.

૪. **શુભાશુભ જાણવાનો મંત્ર –**

ૐ ૠઁ હ્રીઁ ક્લીં ક્ષ્રી ક્ષ્રીં ક્ષ્રી બ્લૂઁ હ્રૂઁ હ્રીઁ (દ્રાઁ દ્રીં) ૐ નમો ભગવતે મણિભદ્રાય ક્ષેત્રપાલાય કર્દમરૂપાય ચતુર્ભુજાય જિનશાસનભક્તાય હિલિ હિલિ મિલિ મિલિ કિલિ કિલિ યક્ષુર્મયાય સ્વાહા.

**વિધિ** : રાતા સિંદૂરના પૂતળાની સ્થાપના કરવી, રાતી કરેણનાં ફૂલ લાવીને દિન ૧૫ પંદરમાં ૨૭૦૦૦ – સત્તાવીશ હજાર જાપ કરવા. લોબાનનો ધૂપ કરવો, ઘીનો દીપક કરવો, રાતી માળાથી ગણવું. લાપશી શેર ૧।, ઘૂઘરી શેર ૧।, વડા શેર ૧।, તથા તલવટ શેર ૧। સન્મુખ મૂકવાં.

**હોમવિધિ :** દશાંશ ૨૭૦૦ – સત્તાવીશો આહુતિ દેવી. ગૂગળ ૧, કરેણના ફૂલ ૨, ઘી ૩, ચોખા ૪, અને દૂધ ૫ આ પંચામૃતનો હોમ કરવાથી દેવ પ્રત્યક્ષ થાય. જાપની શરૂઆત રવિવારના દિવસથી કરવાનું ખાસ ધ્યાનમાં રાખવું. પછી નિરંતર ૧૦૮ એકસો આઠ વાર આ મંત્ર ગણવો. મનમાં જે વસ્તુનો વિચાર કર્યો હોય તેનો જવાબ સ્વપ્નમાં આપે.

**૫. શ્રી મણિભદ્રજીને પ્રત્યક્ષ કરવાનો મંત્ર –**

ૐ આઁ ક્રોઁ હ્રાઁ હ્રીઁ (દ્રાઁ દ્રી) ક્ષ્વીં ક્ષ્વીં ક્લીઁ બ્લૂઁ ઐં હ્સૌં ૐ નમો ભગવતે મણિભદ્રાય ક્ષેત્રપાલાય કૃષ્ણવર્ણાય ચતુર્ભુજાય જિનશાસનભક્તાય હિલિ હિલિ મિલિ મિલિ કિલિ કિલિ ચક્ષુર્મયાય સ્વાહા.

**વિધિ :** આ પ્રમાણેના માણિભદ્ર ક્ષેત્રપાલના મંત્રનો ઓછામાં ઓછો ૧૦૦૦૦ – દશ હજાર જાપ કરવો અને દશાંશ હોમ કરવાથી મંત્ર સિદ્ધ થાય છે. એક લાખ જાપ કરવાથી અને તેનો દશાંશ ૧૦૦૦૦ – દશ હજાર હોમ કરવાથી શ્રી મણિભદ્ર પ્રત્યક્ષ થાય છે.

## શ્રી મણિભદ્ર વીરની આરાધનાના અન્ય મંત્રો

jainuniversity.org

(પ્રત્યેક મંત્રની પૂર્વે ૧૦ નવકારનું સ્મરણ કરવું)

૧. ૐ અસિઆઉસા નમઃ શ્રી માણિભદ્ર દિશતુ મમ સદા સર્વે કાર્યેષુ સિદ્ધિમ્.

૨. ૐ હ્રીઁ શ્રી ક્લીં બ્લીં ક્રૌ શ્રી માણિભદ્રવીરાય ચતુર્ભુજાય હસ્તિવાહનાય, મમ કામાર્થસિદ્ધિં કુરુ કુરુ સ્વાહા.

૩. શ્રી માણિભદ્રદેવ અષઃ ફલતુ.

૪. ૐ નમો ભગવતે માણિભદ્રાય ક્ષેત્રપાલાય કૃષ્ણરૂપાય ચતુર્ભુજાય
જિનશાસન ભક્તાય, નવનાગસહસ્રબલાય, કિંનર, કિંપુરુષ ગંધર્વ
યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, સર્વ શાકિનીનાં નિગ્રહ કુરુ કુરુ સ્વાહા માં રક્ષ રક્ષ સ્વાહા

૫. ૐ ક્લીં ક્લીં ક્લીં માણિભદ્ર ચેટકાય સિદ્ધિકરાય મમ સ્વપ્ને અમુકં દર્શય દર્શય સ્વાહા.

૬. ૐ હ્રીઁ માણિભદ્ર ચેટકાય રૂદ્રાય મમ અન્તરાત્મને આગન્તુકસર્વસૃષ્ટિ દર્શય દર્શય સ્વાહા.

૭. ૐ હ્રીઁ શ્રી માણિભદ્રાય પૂર્ણભદ્રાય દઃ દઃ હ્રીઁ સઃ સઃ સ્વાહા.

## શ્રી મણિભદ્ર દેવની આરતી

રૂમઝુમ રૂમઝુમ કરૂ આરતી માણિભદ્ર સાહેબ તોરી,
સબલ વિઘન કા નાશ કરી, ઈચ્છા પૂરી સાહેબ તું મેરી
મસ્તક તુમારે મુગટ બિરાજે, જિનમંદર શોભા ભારી
પાય ઘુંઘરૂં રૂમઝુમ બાજે, જિનમંદર શોભા ભારી
પહેલે હાથમેં ગદા બિરાજે, દુસરે હાથ ડમરૂ,
તીસરે હાથ ત્રિશુળ બિરાજે, ચોથે હાથ ઘુંઘરૂં,
ખીચડી ભાત ને રોટી, લાપસી પુરણકી પોળી,
અમૃત સાથ લેઉ મીસરી, ખીર ખાંડને ઘણથોલી,
ખાજાં, લાડુ, દહીવડાં ને પાપડ ને પુરી,
ઘેબર માટે સેવ સવાલા, બદામ પીસ્તા ચારોળી,
શ્યામ સુંદર યું કર બોલે, સુણો માણિભદ્ર સ્વામી,
તુમારે ચરણકી સેવા શોભે હો મુજને સાજે નામી.

# શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ

શ્રી ઘંટાકર્ણવીરને જૈનો, હિંદુઓ અને અન્ય સર્વ ધર્મવાળા માને છે અને પૂજે છે. તે જાગૃત અને પ્રભાવશાળી છે. તેમના સંબંધી અનેક ચમત્કારો થાય છે અને ઘણા લોકોએ તેનો જાત અનુભવ કરેલો છે.

ઘંટાકર્ણ વીરની મૂર્તિની વિ.સ. ૧૯૭૫ના માગસર સુદ ૬ રવિયોગમાં જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિએ મહુડી ગામમાં સંઘના આગ્રહથી પ્રતિષ્ઠા કરીને સ્થાપના કરી.

તે પહેલા કોઈ ઠેકાણે ઘંટાકર્ણવીરની મૂર્તિ નહોતી અને ઘંટાકર્ણવીરનાં યંત્રો પણ ન હતાં. ઘંટાકર્ણવીરનાં ત્રણ કલ્પો સુરત, અમદાવાદ અને પાટણના જ્ઞાનભંડારોમાં હસ્તલિખિતપ્રતોમાં લખેલા મળે છે. (છપાઈ પણ ગયા છે) તે કલ્પો જાપ કરવાની વિધિ અને યંત્રો કેવી રીતે બનાવવાં? તે બતાવેલ છે અને તેથી શું ફળ મળે તે પણ બતાવેલ છે. નેપાલના એક મંદીરની દિવાલ પર ઘંટાકર્ણ યંત્ર ઉપલબ્ધ હતો એમ શ્રી પાદરાકર "યોગનિષ્ટ આ. બુદ્ધિસાગરસૂરીશ્વર" ગ્રંથ પૃષ્ઠ ૧૦૪માં લખે છે.

## સાક્ષાત્કાર

ગુરુદેવ પાદરામાં હતા ત્યારે તેમણે ત્રણ દિવસના પદ્માસનવાળા ઉત્તરસાધકની શોધ કરવા માંડી હતી. તે ઉત્તરસાધક સંયમી અને ત્રણ અન્ન-જળ વિના અંગો હલાવ્યા વિના ત્રણે દિવસ આસન મારી સાધકને સહાયભૂત થાય. આ માટે તેમણે આ સાહિત્યસર્જનના લેખકને પસંદ કર્યો.

અંતે સાત વર્ષ સુધી આસનોની તાલીમ આપી તૈયાર કર્યો અને પછી પોતે પાદરામાં શાંતિનાથ ભગવાનના મોટા દેરાસરમાં, મોટા ભોયરામાં આસો વદી ૧૩ના ચાર વાગે ઉત્તરસાધક સાથે બેસી ગયા.

અમાસની પાછલી રાત્રે મંત્રસિદ્ધિનાં ત્રણ દિવસ પૈકીનું એકજ દિગ્દર્શન થતાં મંત્રસિદ્ધિ મનાય છે. તે ત્રણે દિવસ થયા છતાં ગુરુદેવ ધ્યાનમગ્ન જ રહ્યા. (પાછળથી જણાયું કે તેમનો સંકલ્પ શ્રી ઘંટાકર્ણવીરનાં સાક્ષાત્ દર્શનનો હતો.) એવામાં વેદિકામાંથી એક પ્રચંડ મહાપુરૂષ ધનુષ અને બાણ સહિત ધીમે ધીમે ઉંચે આવવા લાગ્યો. કાનમાં કુંડળ, માથે મુકુટ, હાથમાં ધનુષબાણ અને કચ્છસહિત પ્રગટ થયેલ આ પુરૂષ તે સાક્ષાત્ ઘંટાકર્ણવીર હતા. ગુરુજીએ મૂર્તિના ખૂબજ ભાવપૂર્વક ધ્યાનથી દર્શન કર્યા.

ત્યારબાદ થોડાક જ સમયમાં મૂર્તિ અદશ્ય થઈ અને ગુરુજી ઉપાશ્રયમાં ગયા અને ત્યાં તેમણે ચોકવડે એક દિવાલપર વીરની ઉંચાઇ જે પ્રમાણે હતી તેટલીજ ઉંચાઈની આકૃતિ દોરી અને બીજા દિવસે મિસ્રીને બોલાવીને પ્રતિમા બનાવડાવી. અને ખૂબ જ ભાવ પૂર્વક અને ચમત્કારો સાથે તેમણે તે મૂર્તિ મધુપુરી - મહુડીમાં પ્રતિષ્ઠિત કરી. તેની સાથે એક મોટો ઘંટ પણ મંત્રિત કરી ત્યાં પ્રતિષ્ઠિત કર્યો. આજે પણ તે ત્યાં વિરાજિત છે. હજારો ભાવિકો ત્યાં દર્શને આવે છે અને સુખડી ધરાવે છે.

ઘંટાકર્ણ વીરનું વર્ણન ઉપર જણાવ્યા પ્રમાણે છે પરંતુ ધુમાસણ ગામના વીરના અનન્યભક્ત શ્રી શીવલાલભાઈએ કાવ્યમાં આ પ્રમાણે વર્ણવેલ છે.

મધુપુરીમાં મુરતી દીઠી એક જ વીર તમારી; માથે મુકુટ કાને કુંડળ ઝમકે ઝાકઝમારી ૧.
હાથમાં ધનુષબાણ સોહે, ઉભા છો તીર તાણી; સર્વદેવમાં શક્તિમાન છો, એવી વાતમેં જાણી ૨.
વજ કછોટો મારી ઉભા, કેડે ઢાલજ સોહે; તુજ મુરતિને નિરખી, મનુષ્ય મનડાં મોહે ૩.
અંતરીક્ષથી આપ આવીયા, મહિમા વાધ્યો ભારી; મધુપુરીમાં સ્થાપના કીધી, બુદ્ધિસાગરસૂરી ૪.
સુખસાગરજી તણા શિષ્ય એ અમર નામના કીધી; જગમાંહી જેણે જીવી જાણ્યું, સ્વર્ગ વાટડી લીધી ૫.

પુરૂષનું જમણું અંગ મુખ્ય મનાય છે. દાન, પુણ્ય, માન સન્માન અને પ્રણામાદિ સર્વ કાર્યો જમણા અંગથી જ કરાય છે. આ જ કારણે ઘંટાકર્ણ વીરના જમણા હાથમાં તીર અને ડાબા હાથમાં ધનુષ્ય આપવામાં આવ્યા છે.

ઘંટાકર્ણનો સામાન્ય અર્થ કરીએ તો આ રીતે થાય: જેમનું મસ્તક હાલવાથી કાન પાસે ઘંટ વાગે અથવા ઘંટ એટલે જેમાંથી અવાજ નીકળે તે ઘંટ અને કર્ણ એટલે કાન અર્થાત જ્યારે દેવ માથું હલાવે ત્યારે કાન પાસે ઘંટો વાગે તે ઘંટાકર્ણ.

વિધાનમાં ઘંટનું વિશેષ મહત્ત્વ જણાવ્યું છે. તેથી ઘંટ મંત્રીને રાખવો જોઈએ.

ઘંટાકર્ણ દેવના સેવક સર્પના રૂપમાં તેમની પાસે રહે છે અને સાધકની પરીક્ષા પણ સર્પ ના રૂપથી કરે છે. આ કારણથી ઘંટાકર્ણવીરના ચરણ પાસે સર્પનું ચિહ્ન અવશ્ય હોવું જોઈએ.

ઘંટાકર્ણ વીર પૂર્વભવમાં એક આર્ય રાજા હતા. દયાળું અને શૂરવીર હતા. સતીઓ, સાધુઓ અને ધર્મી મનુષ્યોનું રક્ષણ કરવામાં પોતાનું જીવન પસાર કરતા હતા. દુષ્ટ માણસોના હુમલાઓથી ધર્મી પ્રજાનું અને સતી સ્રીઓના શીયળનું રક્ષણ કરતા હતા. ધનુષબાણ વડે ઘણા દુષ્ટ રાજાઓને જીતીને આર્ય દેશમાં શાંતિ ફેલાવી હતી.

તેમને સુખડી બહુજ પ્રિય હતી અને અતિથિઓની સેવા ભક્તિ બહુ સારી રીતે કરતા હતા.

મરણ પામીને તેઓ દેવ થયા છે. બાવન વીરોમાં ત્રીશમાં વીર તરીકે તેમની ગણના થાય છે. તેઓ પૂર્વભવમાં પરોપકારી અને શૂરવીર હતા તેવી રીતે વીરનાં ભવમાં પણ ધર્મી અને ભક્તજનોને પોતપોતાના કર્માનુસારે સહાય કરે છે.

પૂર્વભવમાં તેઓ હાથમાં ધનુષ બાણ, ખડગ આદિ રાખતા તેથી મૂર્તિના હાથમાં પણ ધનુષ બાણ, ખડગ આદિ રાખવામાં આવે છે.

જેમ રાજાને સર્વ લોકો માને છે તેમ ઘંટાકર્ણવીરને પણ સર્વ ધર્મવાળા માણસો માને છે.

ઉપાધ્યાય સકલચંદજી મહારાજે પ્રતિષ્ઠાકલ્પ બનાવ્યો છે તેમાં તેઓશ્રીએ ઘંટાકર્ણ મંત્રને ગ્રહણ કરેલ છે. પ્રતિષ્ઠિત મંત્રકલ્પમાં ઘંટાકર્ણ વીરની મંત્રયંત્રવાળી થાળી સુખડી સાથે ધરાવવાની પ્રથા આજે પણ તપગચ્છ સંઘમાં પ્રવર્તે છે.

ઘંટાકર્ણવીરની મંત્રયંત્રવાળી થાળી પ્રતિષ્ઠાદિ વિધિવિધાન કરાવનારા, અમદાવાદ, સુરત, ડભોઈ વિજાપુર વગેરે ગામોના જૈન ગૃહસ્થો પાસે છે.

કેટલાક જૈન સાધુઓ, યતિઓ શ્રી પૂજ્યો અને શ્રાવકો ઘંટાકર્ણ વીરના મંત્રની આરાધના કરે છે. (જાપ કરે છે.)

ઘંટાકર્ણ વીરનું સ્થાન મહુડી વિજાપુરથી પાંચેક માઈલ દૂર આવેલ છે. ત્યાં જવા માટે વિજાપુર, અમદાવાદ અને મહેસાણાથી બસો મળે છે.

પુણ્યશાળી મનુષ્યોને દેવતાઓ મદદ કરે છે. એવાં ઘણાં દૃષ્ટાંતો શાસ્રોમાં વિધમાન છે. અલબત્ત પુણ્યશાળી પ્રાણીઓજ નિમિત પામીને દેવોની કૃપા સંપાદન કરે છે. સુલસા સતીને પુત્રપ્રાપ્તિ માટે દેવતાએ બત્રીસ ગુટિકાઓ આપી. શ્રી કૃષ્ણને જરાસંધના યુદ્ધ વખતે ધરણેંદ્રદેવે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા આપી. ચેટકરાજા સાથેના યુદ્ધમાં કોણિકરાજાને સ્ફટિકની મોટી શિલા બનાવી આપી મદદ કરી. ઉપા. યશોવિજયજી મહારાજ અને આચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરિને સરસ્વતી દેવીએ પ્રત્યક્ષ દર્શન આપી વરદાન આપ્યું. શ્રી મોહનલાલ મહારાજાને પણ શ્રી જિનકુશળસૂરિ ભુવનપતિ દેવ થયા છે. તેમની સહાય હતી. એવા બીજા અનેક દૃષ્ટાંતો છે કે દેવો ધર્મી – પુણ્યશાળીઓને મદદરૂપ થાય છે. એટલે આપત્તિઓ દૂર કરીને ઈષ્ટ

પ્રાપ્ત કરાવે છે.

કોઈ પણ મંત્ર હોય તેમાં ૧ મંત્રઋષિ, ૨. મંત્ર છંદ, ૩. મંત્ર દેવતા, ૪. મંત્રનિયોગ અને ૫. મંત્રન્યાસ આ પાંચ અંગો મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ જરૂરી છે. આ પાંચ અંગ વિનાનો મંત્ર ફળ આપનારો થતો નથી. આ ઘંટાકર્ણમંત્રમાં પંચાંગ આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મંત્રઋષિ | – (કર્તા) | – પૂર્વાચાર્ય. |
| ૨. | મંત્રછંદ | – (મંત્ર કયા છંદમાં છે.) | – અનુષ્ટુપછંદ |
| ૩. | મંત્રદેવતા | – (આરાધ્ય દેવ કયા?) | – ઘંટાકર્ણવીર. |
| ૫. | મંત્ર વિનિયોગ | – (શું કાર્ય કરે) | – સર્વે રોગ, સર્વ ભય, સર્વ પ્રકારના ઝેર ભૂતપ્રેતાદિની પીડાઓનો નાશ કરે છે અને સર્વ પ્રકારનાં મનોવાંછિત પૂર્ણ કરે છે. |
| ૫. | મંત્રન્યાસ | – (સ્થાપન) | – અંગન્યાસ, કરન્યાસ, જપ, આવર્ત વગેરે. |

## શ્રી ઘંટાકર્ણ મહાવીરની મંત્ર સાધના

## સ્થાનની યોગ્યતા.

પુષ્યાર્ક દિને તથા સાધિયે ઉત્તમ કાર્ય શ્રેષ્ટ છે. તથા ઉત્તમ કાર્ય સિદ્ધિ યોગ અમૃત સિદ્ધિયોગ પ્રયોગ: શુભ શુકને, ચન્દ્રનું બલ ઈત્યાદિ વિચારી સાધના કરીયે. ઉપવનસ્થાને, બાગ, વાડી અથવા દેવ ઠેકાણું અથોચ્ય સ્થાને મેડી માલિયા સ્થલે, એકાન્ત સ્થલે, જે ઠેકાણે સાધન કરવા ઈચ્છિયે, તિંહા આસપાસ પવિત્ર ભૂમિકા જોઈયે, સ્ત્રી આદિની દૃષ્ટિ ન આવે, અતિ પ્રસંગ નહીં, એહવે સ્થલે સાધન કરવું.

## મંત્ર સાધન વિધિ

પ્રથમ ભૂમિકા શુદ્ધ કરીને મંત્ર જપીયે, **ૐ હ્રીઁ શ્રીઁ ભૂમ્યાદિદેવાય નમઃ** એ મંત્ર જપી ધૂપ, દીપ, અક્ષત કરી, ભૂમિ પૂજન શુદ્ધ કીજે, પછી નિર્મલ જલે સ્નાન કીજે, તે વેળાએ મંત્ર જપીયે,

**હ્રીઁ હ્રીઁ ક્લીઁ ગંગે જલાય નમઃ** એમ કહી સ્નાન કરવું. ઉત્તમ વસ્ત્ર પહેરવા, મન વચન કાયાથી શુદ્ધ ક્રિયામાં પ્રવર્તિયે, વસ્ત્ર પહેરતાં એ મંત્ર કહેવો,

**ૐ હ્રીઁ ક્લીઁ જ્ઞાનાનન્દદેવાય નમઃ** પછી ઘંટાકર્ણનો મંત્ર, સ્વરવર્ણ શુદ્ધ ઉચ્ચારણ ચિત્તમાં ધરી ધ્યાન કીજે.

## શ્રી ઘંટાકર્ણ મહાવીરની સાધના માટે નો મંત્ર

*ૐ ઘંટાકર્ણ મહાવીરઃ, સર્વવ્યાધિવિનાશકઃ ।*
*વિસ્ફોટકભયપ્રાપ્તે રક્ષ રક્ષ મહાબલ ॥૧॥*
*યત્ર ત્વં તિષ્ટસે દેવ, લિખિતોઽક્ષરપંક્તિભિઃ ।*
*રોગાસ્તત્ર પ્રણશ્યન્તિ, વાતપિત્તકફોદ્ભવાઃ ॥૨॥*
*તત્ર રાજભયં નાસ્તિ, યાન્તિ કર્ણેજપાઃ ક્ષયં ।*
*શાકિની ભૂતવેતાલા, રાક્ષસાઃ પ્રભવન્તિ ન ॥૩॥*
*નાડકાલે મરણં તસ્ય, ન ચ સર્પેણ દશ્યતે ।*
*અગ્નિચૌરભયં નાસ્તિ, ૐ હ્રીઁ ઘંટાકર્ણ નમોસ્તુતે ઠઃ ઠઃ ઠઃ સ્વાહા*

આ મંત્રનો ૩૩૦૦૦ વાર જાપ કરવાથી મંત્રની સિદ્ધિ થાય છે. તે માટે ૪૨ દિવસ નિત્ય ૧૦૮ વાર જાપ કરવા અને સાથે જો મંત્ર કરી દહી, દૂધ, ઘૃત, કેસર, ગુગલનો હોમ આપવો.

***ૐ હ્રીં શ્રી ઘંટાકર્ણો નમોસ્તુતે ઠઃ ઠઃ ઠઃ સ્વાહા***

આ મંત્રનો રોજ ૧૦૮ વાર જાપ કરવાથી રિદ્ધિ – સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## શ્રી ઘંટાકર્ણ મહાવીરની આરતી

jainuniversity.org

ઘંટાકર્ણ મહાવીર ગાજે, જડચેતન જગમહિમા છાજે,
મનવાંછિત પુરણ કરનારા, ભક્તજનોના ભય હરનારા.
આધિવ્યાધિ ઉપાધિ હરતા, રોગ ઉપદ્રવ દુઃખ સંહરતા, ઘંટાકર્ણ ૧.
ઋદ્ધિસિદ્ધિ મંગલ કરતા, સત્વરે સહાયે પગલા ભરતા,
તુજ સ્મરણથી વાંછિત મેળા, ભક્તોની તાતી શુભવેળા ઘંટાકર્ણ ૨.
ઘંટાકર્ણ મહાવીર ત્હારી, આરતી કરતા જે નરનારી,
આધિ ચિંતા શોક નિવારી, ધર્મ નથા દોષને ટાળી ઘંટાકર્ણ ૩.
ગાજી રહ્યો જગમાંહી સઘળે, ઘરમાં સાગરમાં રણવગડે.
સહાય કરંતો વાદે ઝગડે, દુષ્ટોથી કંઈ શુભ ન બગડે. ઘંટાકર્ણ ૪.
દેશ નગર સંઘ વર્તો શાંતિ, ભક્ત જનોની વધશો કાંતિ,
મહામારી ભય સંકટ નાસો, આરોગ્યનંદે જગવાસો ઘંટાકર્ણ ૫.
મંગલમાલા ઘર ઘર પ્રગટો, ઈતિ ઉપદ્રવ વિઘ્નો વિઘટો,
શાંતિ આનંદને પ્રગટાવો, સમરંતો ઝટ વ્હારે આવો. ઘંટાકર્ણ ૬.
આત્મ મહાવીર શાસન રાજ્યે, સેવાકારક જગમાં ગાજે.
બુદ્ધિસાગર આતમકાજે, ક્ષણક્ષણ વ્હેલો સહાયે થાજે. ઘંટાકર્ણ ૭.

## શ્રી નાકોડા ભૈરવનાથ સાધના

**ૐ હ્રીં શ્રી નાકોડા ભૈરવાય નમઃ** (રોજ ૧૦૮ વાર ગણવો)

## શ્રી નાકોડા ભૈરવનું વર્ણન

રાજસ્થાનમાં આવેલા નાકોડા તીર્થના આ શાસન સહાયક નાકોડા ભૈરવ દેવ છે. 'ભૈરવ' એક દેવોની જાતિ છે. આઠ પ્રકારના ભૈરવો ગણાય છે. આ દેવ ભક્તોના મનવાંછિત શીઘ્રતાથી પૂરે છે. ચિંતાઓ દૂર કરે છે. આપત્તિઓને હરીલે છે. રાજસ્થાનમાં આવેલ નાકોડા તીર્થે શ્રી નાકોડા પાર્શ્વનાથ ભગવાનના મૂળનાયક દેરાસરની બાજુમાં આ દેવનું એક મોટું સ્થાન રહેલું છે. રાજસ્થાની કુટુંબો આ દેવ પ્રત્યે અતૂટશ્રદ્ધા ધરાવે છે.

jainuniversity.org

## શ્રી ભૈરવનાથ પ્રાર્થના

આવોજી આવો ભૈરવનાથ ઓ નાકોડા વાલે,
તુમ હી ડુંગરીયા વાલે, તુમ હી ઘુઘુંરિયા વાલે. ૧.
તીરથ નાકલડા સોહે, ભવ્ય જીવો જો મોહે,
દીપે ભૈરવ મનોહાર, ઓ નાકોડા વાલે ૨.
આવોજી આવો ભૈરુ દરસ દિખાવો,
દુ:ખડા મિટાવો મેરા નાથ વો નાકોડા વાલે. ૩.
હાથે ખડગધારી, ડમરુ કી શોભા ન્યારી,
ચૌસઠ યોગિની સાથ, ઓ નાકોડા વાલે. ૪.
ધ્યાન તુમ્હારા ધારુ, કાજ હમારો સાર,
શ્રી સંઘ કે સિર પર તેરા હાથ, ઓ નાકોડા વાલે. ૫.

## શ્રી ભૈરવ આરતી

ૐ જય જય જયકાર, વારી જય જય ઝંકારા,
આરતી ઉતારો ભવિજન મિલકર (૨), ભૈરવ રખવાલા,
વારી જીવન રખવાલા, ૐ જય જય જયકાર ૧.
તુ સમકિતી સુરનર મન મોહક, મંગલ નિતકારા
શ્રી નાકોડા ભૈરવ સુન્દર (૨), જન મન હર નાશ, વારી જીવન... ૨. ૐ
ખડ્ગ ત્રિશુલ ધર ખપ્પર સોહે, ડમરુ કર ધારા વારિ ડમરુ કરધારા,
અદ્‌ભુત રૂપ અનોખી રચના (૨), મુકુટ કુષ્ટલ સારા... ૩. ૐ
ૐ હ્રીં ક્ષાં ક્ષઃ મંત્ર બીજ યુત, નામ જપે તાહરા, વારિ નામ જપે તોહરા,
રિદ્ધિ સિદ્ધિ અરુ સમ્પદ મનોહર (૨) જીવન સુખકારા... ૪. ૐ
કુશલ કરે તેરા નામ લિયા નિત, આનન્દ કરનારા. વારિ આનન્દ કરનારા,
રોગ શોક દુ:ખ દારિદ્ર હરતા(૨), વાંછિત દાતારા ..... ૫. ૐ

શ્રિફલ લાપસી માતર સુખડી, લડ્ડુ તેલધારા, વારિ લડ્ડુ તેલધારા,
ધુપ દીપ ફેલ માલ આરતી(૨), નિત નયે રવિવારા ... ૬. ૐ
વૈયાવચ્ચ કરતાં સંઘ તેરી, ધ્યાન અડગ ધારા વારિ ધ્યાન અડગ ધારા,
'હિમ્મત' હિત સે ચિત મે ધરતા(૨), 'ભવ્યાનંદ' પ્યારા ... ૭. ૐ
દો હજાર કે શુભસ્વત્સર, પોષ માસ રસાલા, વારિ પોષ માસ રસાલા,
શ્રી સંઘ મિલકર કરે આરતી(૨), મંગલ શિવ માલા... ૮. ૐ

## શ્રી ચક્રેશ્વરી

શ્રી ચક્રેશ્વરી દેવી એ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવપ્રભુના શાસનની અધિષ્ઠાત્રી છે. પાલીતાણા શત્રુંજય તીર્થ ઉપર દાખલ થતાં જ ડાબા હાથે શાંતિનાથ ભગવાનની નીચે આ માતાજીનું સ્થાન આવેલું છે. શ્રી શત્રુંજયતીર્થની રક્ષા કરનારી, સિંહના અને ગરુડના વાહન ઉપર બેસનારી, એક હાથમાં ચક્ર બીજા હાથે વરદમૂદ્રા તથા અન્ય આયુધો ધરી સુવર્ણવર્ણીમાં અત્યંત શોભે છે.

શાસનની અને તીર્થની રક્ષા કરવામાં તત્પર આ દેવી ભક્તોના મનવાંછિત પણ શીઘ્રપૂરે છે.

### મંત્ર :ૐહ્રીઁ ઐં ક્લીં શ્રી ચક્રેશ્વરી દૈવ્યૈ નમઃ

## શ્રી ચક્રેશ્વરી માતાજીની સ્તુતિ

નયનાનંદ કરી સદા સુખકારી, સિંહોપરી તું ઠવી,
હસ્તે ચક્ર સદા ભલું ઝગમગે, ચિંતા ભયો કાપતી;
સુંદર રૂપને ભવ્ય અંગ રચના, સ્તુતિ કરી દર્શન કરી,
માગું મંગલ શાંતિ આપો સહુને માતા શ્રી ચક્રેશ્વરી.

## શ્રી ચક્રેશ્વરી માતાજીની આરતી

(ઢાળ : જય જય આરતી આદિ જિણંદા)
જય ચક્રેશ્વરી જય જય કારી, આરતી ઉતારૂ મંગલકારી. જય ૧.
સિદ્ધચક્રયન્ત્રની સાન્નિધ્યકારી, ભક્તજનોને સુખ કરનારી જય ૨.
ગરૂડ વાહન છે મુખ્ય તમારું, સિંહોપરિ પણ શોભે છે ચારૂ જય ૩.
વિવિધ આયુધોને વિવિધ ભૂજાલી, સોવનવરણી કાયા રૂપાલી જય ૪.
વસ્ત્રાભૂષણથી ઝળહળતી, ઝંકાર કરતી ગજ જિમ સરતી જય ૫.
આદિ જિણંદાની આદિ સેવિકા, દુઃખ દોહગ કાપે તું ભવિના. જય ૬.
તારી કૃપાથી ઋદ્ધિ સિદ્ધિ પાવે, સુખ – સંપતિ રૂમઝુમ આવે જય ૭.
અપ્રતિચક્રા વંદન કરીએ, 'સુયશ' સિદ્ધિને મંગલ વરીએ. જય ૮.

# શ્રી પદ્માવતી દેવી

## મંત્ર :ૐ હ્રીઁ ઐં ક્લીં શ્રી પદ્માવતી દૈવ્યૈ નમઃ (૧૦૮ વાર ગણવો)

## શ્રી પાર્શ્વનાથના અધિષ્ઠાયિકા પદ્માવતી માતાજીનો પાવન પરિચયઃ

### અતિતમાં સિંહવાલોકનઃ

શ્રી પાર્શ્વકુમારે કાષ્ઠ અગ્નિમાં બળતા સાપને નવકાર અપાવ્યો. સમાધિ દ્વારા મરીને ભવનપતિ– અસુર નિકાયમાં નાગરાજ– ધરણેન્દ્ર બન્યા તેમના મહારાણી પદ્માવતી છે. આવી માન્યતા પ્રસિદ્ધ છે.

કેવળજ્ઞાન પછી શ્રી પાર્શ્વનાથ ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, ત્યારે શ્રી પદ્માવતીની શાસનરક્ષિકા તરીકે સ્થાપના કરી. શ્રી પદ્માવતી દેવીની સ્તુતિમાં નાગરાજની મહાપત્ની, ધરણેન્દ્રપ્રિયા વગેરે વિશેષણો આવે છે. તે પરથી એટલું જાણી શકાય છે કે તે ભવનપતિ નિકાયના નાગરાજ ધરણેન્દ્રની પત્ની છે. નાગરાજશ્રી ધરણેન્દ્ર વૈરૂટ્યા નામની બીજી પત્ની છે. અને તે પણ ચમત્કારિક દેવી તરીકે પ્રસિદ્ધ છે. પરંતુ વિશેષ આરાધના ઉપાસના તો શ્રી પદ્માવતી દેવીની જ થાય છે.

બંગાળમાં નાથ સંપ્રદાયની પારસનાથ નામની એક શાખા છે. તે એમ માને છે કે અમારા પંથમાં ઘણાં વર્ષો પહેલા પારસનાથ નામના એક મહાનપુરુષ સિદ્ધ થઈ ગયા. તેમણે પદ્માવતી નામની યોગિનીને વશ કરી હતી અને તે એમનું ચિંતવ્યુ કાર્ય કરતી હતી એટલે તેમનો પ્રભાવ ખૂબ વિસ્તર્યો. આને આપણે એક દંતકથા માનીએ પણ તેમાંથી એક હકીકત તરી આવે છે કે સમસ્ત પૂર્વ દેશમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની એક મહાન યોગીશ્વર અને સિદ્ધપુરુષ તરીકે ખૂબ જ ખ્યાતિ થઈ હતી. તથા શ્રી પદ્માવતીની શક્તિથી સહુ કોઈ પ્રભાવિત હતા.

શાકત સંપ્રદાયમાં જે સ્થાન ગૌરી દુર્ગાનું છે. બૌદ્ધ સંપ્રદાયમાં જે સ્થાન તારાનું છે અને કૌલિકામાં જે સ્થાન વજાનું છે તેવું જ સ્થાન જૈનોમાં શ્રી પદ્માવતીનું છે અને તેથી જ અનેક જૈનાચાર્યો એ પદ્માવતીની મહાદેવી તરીકે સ્તુતિ કરેલી છે.

જૈનોમાં શાક્તોની અસર નીચે દેવી પૂજા શરૂ થઈ, એમ માનવું મનાવવું ભુલ ભરેલું છે. જૈન ધર્મમાં અતિ પ્રાચિન કાલથી જિનમાતાઓની દેવીઓ તરીકે પૂજા થતી હતી અને સોળ વિદ્યાદેવીઓની આરાધના પણ એટલી જ વ્યાપક હતી.

શ્રી જિનપ્રભસૂરિજી કે જેઓ વિક્રમની ચૌદમી સદીમાં એક પ્રભાવશાળી જૈનાચાર્યની ખ્યાતિ પામેલા હતા. તેમણે શ્રી પદ્માવતી દેવીની આરાધનાથી ઘણી સિદ્ધિઓ મેળવી હતી અને તેના કારણે જ તેઓ દિલ્હીના સુલતાન મહમદ તઘલખના દરબારમાં માનભર્યું સ્થાન પામ્યા હતા. તેમણે સુલતાનને ઉપદેશ આપીને શત્રુંજય, ગિરનાર, ફલોદિ આદિ તીર્થની રક્ષા કરાવી હતી. સુલતાન તેમની શક્તિઓથી પ્રભાવિત હતો.

રાઘવચૈતન્ય નામના મંત્ર શાસ્ત્રીથી આ સહન થયું નહિ. તેને પણ સુલતાનના દરબારમાં આગળ પડતું સ્થાન મળ્યું હતું. એક વખત તેણે શ્રી જિનપ્રભસૂરિની પ્રતિષ્ઠાને ધૂળમાં મેળવવા માટે એક મલિનમંત્ર પ્રયોગ કર્યો. તેણે મંત્ર દ્વારા સુલતાનના હાથ પર રહેલી અતિમૂલ્યવાન્ વીંટી ગૂમ કરી શ્રી જિનપ્રભસૂરિજીના રજોહરણમાં મૂકી દીધી. પરંતુ શ્રી પદ્માવતી તેમને સદા સહાય કરનારા હતા. તેમણે સૂરિજીને ચેતવી દીધા. એટલે સૂરિજીએ વિદ્યાના બળે એ વીંટી રાઘવચૈતન્યના મસ્તકના વાળમાં મૂકી દીધી.

થોડીવારે સુલતાનને ખ્યાલ આવ્યો કે મારા હાથ પરની વીંટી ગુમ થઈ છે. એટલે તે વિચારમાં પડ્યો તે જ વખતે રાઘવ ચૈતન્યે કહ્યું : નામદાર! આપ જે વસ્તુની ચિંતા કરો છો, તે આપણા દરબારમાં આપના માનીતા જિનપ્રભસૂરિના ઓઘામાં છે. આ સાંભળી બધા સભાજનો આશ્ચર્ય પામ્યા. પરંતુ સૂરિજીના મુખ

પરની રેખાઓમાં જરાયે ફરક ન પડ્યો. તેમણે સ્વચ્છ ચિત્તે કહ્યું. 'સુલતાન! તમે મારા ઓઘાની તપાસ કરાવી શકો છો.' તરત જ અંગરક્ષકોએ તેમનો ઓઘો તપાસ્યો, પણ તેમાંથી કંઈ નીકળ્યું નહીં, આથી રાઘવ ચૈતન્યનું મોઢું એકદમ પડી ગયું.

સૂરિજીએ કહ્યું: 'સુલતાન! તમારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. તમારી મૂલ્યવાન વીંટી હમણા જ મળી આવશે. વીંટી રાઘવ ચૈતન્યના માથાના વાળમાં છૂપાયેલી છે.' આ શબ્દો સાંભળતાં જ સુલતાનના અંગરક્ષકોએ રાઘવ ચૈતન્યના માથાના વાળની તપાસ કરી તો વીંટી મળી આવી. શ્રી જિનપ્રભસૂરિજી જ્યારે પણ આહ્‌વાન કરતાં, ત્યારે શ્રી પદ્માવતી દેવી હાજર થતા અને તેમનું બતાવેલું કામ કરી આપતા.

વિ.સં. ૧૮૫૭ થી ૧૯૦૮ સુધી શ્રી વીર વિજયજી મહારાજ વિદ્યમાન હતા. જેમની બનાથી રચેલી પૂજાઓ આજે ખૂબ જ લોકપ્રિય હોઈ અનેકવાર ભણાવાય છે. તેમણે શ્રી પદ્માવતીની ઉપાસનાથી જ આવી શક્તિ મેળવી હતી. સં. ૧૮૯૯માં તેમણે રાજસ્થાનની પંચતીર્થનો સંઘ કાઢ્યો ત્યારે ગુજરાતની સરહદ પર કોલેરાનો ભયંકર વ્યાધિ પ્રસરી ગયો હતો, તેથી તેમની સાથેના માણસોએ પાછા ફરવાની ઈચ્છા દર્શાવી. શ્રી વીર વિજયજી મહારાજે શ્રી પદ્માવતીની સહાયથી તે દરેકને સહી સલામત અમદાવાદ પાછા પહોંચાડ્યા. તેઅલ તંબુની આસપાસ શ્રી પદ્માવતીના જપથી અભિમંત્રિત કરેલું જળ વારંવાર છંટાવતા હતા. આ રીતે શ્રી પદ્માવતીની આરાધના કરનારને અનેક વખતે અનેક પ્રકારની સહાય કરવાના દૃષ્ટાંતો જૈન સાહિત્યમાં નોંધાયેલા છે. શ્રી પદ્માવતીની આરાધના જેમ જેમ વ્યાપક થતી ગઈ. તેમ તેમ તેણે નવા રૂપો ધારણ કર્યા. ભૈરવ પદ્માવતી કલ્પમાં શ્રી પદ્માવતી દેવીના નામો આ પ્રમાણે જણાવ્યા છે. તોતલા, ત્વરિતા, નિત્યા, ત્રિપુરા, કામસાધિની અને ત્રિપુરા ભૈરવી.

પરંતુ જૈનોના સમસ્ત સાહિત્યનું અવલોકન કરતાં જણાય છે કે બીજા પણ અનેક નામોથી તેમની આરાધના થતી હતી જેમ કે (૧) ધરણેન્દ્ર પદ્માવતી, (૨) રક્ત પદ્માવતી, (૩) હંસ પદ્માવતી, (૪) સરસ્વતી પદ્માવતી, (૫) શબરી પદ્માવતી, (૬) કામેશ્વરી પદ્માવતી, (૭) ભૈરવ પદ્માવતી, (૮) ભૈરવી પદ્માવતી, (૯) ત્રિપુરા પદ્માવતી, (૧૦) નિત્યા પદ્માવતી, (૧૧) પુત્રકર પદ્માવતી, (૧૨) સ્વપ્ન સાધન પદ્માવતી, (૧૩) શૈવાગમોક્ત પદ્માવતી, (૧૪) મહાલક્ષ્મી પદ્માવતી, (૧૫) વૃદ્ધરક્ત પદ્માવતી વગેરે. આ બધામાંથી રક્ત પદ્માવતીનો મહિમા અતિશય પ્રવર્તમાન છે. આ સિવાય શ્રી પદ્માવતી સહસ્રનામ મંત્રાવલિમાં પદ્માવતી દેવીના કુલ ૧૦૦૮નામનો સંગ્રહ દર્શાવવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પદ્માવતી | ૨. | પદ્મવર્ણા | ૩. | પદ્મહસ્તા | ૪. | પદ્મિની |
| ૫. | પદ્માસના | ૬. | પદ્મકર્ણા | ૭. | પદ્માસ્યા | ૮. | પદ્મલોચના |
| ૯. | પદ્મા | ૧૦. | પદ્મદલાક્ષી | ૧૧. | પદ્મવનસ્થિતા | ૧૨. | પદ્માલયા |
| ૧૩. | પદ્મગન્ધા | ૧૪. | પદ્મરાગા | ૧૫. | પદ્મગોપરાગિકા | ૧૬. | પદ્મપ્રિયા |
| ૧૭. | પદ્મનાભિ | ૧૮. | પદ્માંગી | ૧૯. | પદ્મશાયિની | ૨૦. | પદ્મવર્ણંતી |
| ૨૧. | પૂતા | ૨૨. | પવિત્રા | ૨૩. | પાપનાશિની | ૨૪. | પ્રભાવતી |
| ૨૫. | પ્રસિદ્ધા | ૨૬. | પાર્વતી | ૨૭. | પુરવાસિની | ૨૮. | પ્રજ્ઞા |
| ૨૯. | પ્રહ્‌લાદિની | ૩૦. | પ્રીતા | ૩૧. | પીતાભા | ૩૨. | પદ્મામ્બિકા |
| ૩૩. | પાતાલવાસિની | ૩૪. | પૂર્ણા | ૩૫. | પદ્મયોનિ | ૩૬. | પ્રિયંવદા |
| ૩૭. | પ્રદીપ્તા | ૩૮. | પાશહસ્તા | ૩૯. | પરા | ૪૦. | પારા |
| ૪૧. | પરમ્પરા | ૪૨. | પિંગલા | ૪૩. | પરમા | ૪૪. | પૂરા |

| | | | |
|---|---|---|---|
| ૪૫. પિંગા | ૪૬. પ્રાચી | ૪૭. પ્રતીચિકા | ૪૮. પરકાર્યકરા |
| ૪૯. પૃથ્વી | ૫૦. પાર્થિવી | ૫૧. પૃથિવીપવી | ૫૨. પલ્લવા |
| ૫૩. પાણદા | ૫૪. પાત્રા | ૫૫. પવિત્રાંગી | ૫૬. પૂતના |
| ૫૭. પ્રભા | ૫૮. પતાકિની | ૫૯. પીતા | ૬૦. પ્રજ્ઞગાધિપશેખરા |
| ૬૧. પતાકા | ૬૨. પદ્મકટિની | ૬૩. પતિમાની | ૬૪. પરાક્રમા |
| ૬૫. પાદામ્બુજધરા | ૬૬. પુષ્ટી | ૬૭. પરમાગમ બોધિની | ૬૭. પરમાત્મા |
| ૬૯. પરમાનન્દા | ૭૦. પ્રસન્ના | ૭૧. પાત્રપોષિણી | ૭૨. પંચબાણગતિ |
| ૭૩. પૌત્રી | ૭૪. પાખંડદની | ૭૫. પિતામહી | ૭૬. પ્રહેલિકા |
| ૭૭. પ્રત્યંચા | ૭૮. પૃથુપાપોઘનાશિની | ૭૯. પૂર્ણચન્દ્રમુખી | ૮૦. પુણ્યા |
| ૮૧. પુલોમા | ૮૨. પૂર્ણિમા | ૮૩. પ્રથા | ૮૪. પાવની |
| ૮૫. પરમાનન્દા | ૮૬. પંડિતા | ૮૭. પંડિતેડિતા | ૮૮. પ્રાંશુલભ્યા |
| ૮૯. પ્રમેયા | ૯૦. પ્રભા | ૯૧. પ્રકારવર્તિની | ૯૨. પ્રધાના |
| ૯૩. પ્રાર્થિતા | ૯૪. પ્રાર્થ્યા | ૯૫. પદદા | ૯૬. પંક્તિપૂરણી |
| ૯૭. પાતાલસ્થા | ૯૮. પાતાલલેખી | ૯૯. પ્રાણા | ૧૦૦. પ્રેયસી |
| ૧૦૧. માતા | ૧૦૨. મગા | ૧૦૩. મહામાયા | ૧૦૪. મહાજ્યોતિષ્મતિ |
| ૧૦૫. મહાસતી | ૧૦૬. મહાદીપ્તિ | ૧૦૭. મતિ | ૧૦૮. મિત્રા |
| ૧૦૯. મહાચંડી | ૧૧૦. મંગલા | ૧૧૧. મહિષિ | ૧૧૨. માનસી |
| ૧૧૩. મેધા | ૧૧૪. મહાલક્ષ્મી | ૧૧૫. મનોહરા | ૧૧૬. મહાપ્રહારા |
| ૧૧૭. મૃગ્યા | ૧૧૮. માનિની | ૧૧૯. માનશાલિની | ૧૨૦. માર્ગદાત્રી |
| ૧૨૧. મુહૂર્તા | ૧૨૨. માધ્વી | ૧૨૩. મધુમતી | ૧૨૪. મહી |
| ૧૨૫. મહેશ્વરી | ૧૨૬. મહેજ્યા | ૧૨૭. મુક્તાહારા વિભૂષણા | ૧૨૮. મહામુદ્રા |
| ૧૨૯. મનોજ્ઞા | ૧૩૦. મહાશ્વેતા | ૧૩૧. અતિમોહિની | ૧૩૨. મધુપ્રિયા |
| ૧૩૩. મહામતિ | ૧૩૪. માયા | ૧૩૫. મોહઘ્ની | ૧૩૬. મનસ્વિની |
| ૧૩૭. માહિમતિ | ૧૩૮. મહાવેગા | ૧૩૯. માનદા | ૧૪૦. માનહારિણી |
| ૧૪૧. મહાપ્રભા | ૧૪૨. મદના | ૧૪૩. મંત્રવશ્યા | ૧૪૪. મુનિપ્રિયા |
| ૧૪૫. મંત્રરૂપા | ૧૪૬. મંત્રજ્ઞા | ૧૪૭. મંત્રદા | ૧૪૮. મંત્રસાગરા |
| ૧૪૯. મન:પ્રિયા | ૧૫૦. મહાકાયા | ૧૫૧. મેઘમાલિની | ૧૫૨. મહાશીલા |
| ૧૫૩. મહાભૂજા | ૧૫૪. મહાશયા | ૧૫૫. મહારક્ષા | ૧૫૬. મનોભેદા |
| ૧૫૭. મહાક્ષયા | ૧૫૮. મહાકાન્તિધરા | ૧૫૯. મુક્તા | ૧૬૦. મહાવ્રત સહાયિની |
| ૧૬૧. મધુસ્રુવા | ૧૬૨. મૂર્છના | ૧૬૩. મૃગાક્ષી | ૧૬૪. મૃગાવતી |
| ૧૬૫. મૃણાલિની | ૧૬૬. મન:પુષ્ટિ | ૧૬૭. મહાશક્તિ | ૧૬૮. મહાર્થદા |
| ૧૬૯. મૃડાની | ૧૭૦. મૃડાની | ૧૭૧. મત્તા | ૧૭૨. માતંગગામિની |
| ૧૭૩. મંદાકિની | ૧૭૪. મહાવિદ્યા | ૧૭૫. મર્યાદા | ૧૭૬. માત્રી |
| ૧૭૭. માતામહુ | ૧૭૮. મંદગતિ | ૧૭૯. મહાકેશી | ૧૮૦. મહીધરા |
| ૧૮૧. મહોત્સાહા | ૧૮૨. મહાદેવી | ૧૮૩. મહિલા | ૧૮૪. માનવર્દ્ધિની |

| | | | |
|---|---|---|---|
| ૧૮૫. મહાગૃહહા | ૧૮૬. મહાહરા | ૧૮૭. મહામાત્રી | ૧૮૮. મોક્ષમાર્ગપ્રકાશિની |
| ૧૮૯. માન્યા | ૧૯૦. માની | ૧૯૧. મણિનુપૂરશેખરા | ૧૯૨. માનવતી |
| ૧૯૩. મણિકાંચીધરા | ૧૯૪. માના | ૧૯૫. મહામતિપ્રકાશિની | ૧૯૬. મહાતન્ત્રા |
| ૧૯૭. મહાદક્ષા | ૧૯૮. મૈઘા | ૧૯૯. મૈઘા | ૨૦૦. મહાગુણા |
| ૨૦૧. જિનમાત્રા | ૨૦૨. જિનેન્દ્રા | ૨૦૩. જયંતિ | ૨૦૪. જગદીશ્વરી |
| ૨૦૫. જયા | ૨૦૬. જયવતી | ૨૦૭. જાયા | ૨૦૮. જનની |
| ૨૦૯. જનપાલિની | ૨૧૦. જગન્માત્રા | ૨૧૧. જગન્માયા | ૨૧૨. જગજ્જયોતિષા |
| ૨૧૩. જગજિજતા | ૨૧૪. જાગરા | ૨૧૫. જર્જરા | ૨૧૬. જગજ્જેત્રી |
| ૨૧૭. જમના | ૨૧૮. જલવાસિની | ૨૧૯. યોગિની | ૨૨૦. યોગમુલા |
| ૨૨૧. જગદ્ધાત્રી | ૨૨૩. યોગપટ્ટધરા | ૨૨૪. જ્વાલા | ૨૨૫. જ્યોતિરૂપા |
| ૨૨૬. જ્વાલિની | ૨૨૭. જ્વાલામુખી | ૨૨૮. જ્વાલામાલા | ૨૨૯. જાજ્વલ્યા |
| ૨૩૦. જયદ્વિતા | ૨૩૧. જૈનેશ્વરી | ૨૩૨. જિનાધારા | ૨૩૩. જીવની |
| ૨૩૪. યશ:પાલિની | ૨૩૫. યશોદા | ૨૩૬. જયયસી | ૨૩૭. જયેષ્ઠા |
